# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 04-01-2025 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## ગાંધીનગર-મહાકુંભ-2025

**ગાંધીનગર ખાતેથી 'મહાકુંભ-૨૦૨૫ 'માટે 'નિ:શુલ્ક વોટર એમ્બ્યુલન્સ'ને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર.પાટીલની વિશેષ ઉપસ્થિતિમાં આજે ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ વોટર એમ્બ્યુલન્સ દ્વારા કુંભમાં આવતાં શ્રધ્ધાળુઓ માટે પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે.**

**-----------------------------------------------------------------------------------**

## ગુજરાત-LEADS રેન્કિગ

**ગુજરાત સતત છઠ્ઠા વર્ષે લોજિસ્ટિક્સ અને કાર્ગો મુવમેન્ટ માટેની સુગમતાની કાર્યક્ષમતા માટે LEADS રેન્કિંગમાં દેશભરમાં મોખરે રહ્યું છે. જેમાં ગુજરાતે સતત ત્રણ વર્ષથી “એચીવર્સ” કેટેગરીમાં પણ મોખરાનું સ્થાન મેળવ્યું છે. જે રેન્કિંગની ટોચની કાર્યક્ષમ કેટેગરી છે. નવી દિલ્હી ખાતે કેન્દ્રીય ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલ તથા કેન્દ્રીય ઉદ્યોગ રાજ્યમંત્રી જતીન પ્રસાદ દ્વારા “લોજિસ્ટિક્સ ઈઝ અક્રોસ ડિફરન્ટ સ્ટેટ્સ (LEADS) 2024” રિપોર્ટ અને રેન્કિંગ જાહેર કરાયા છે.**

**-----------------------------------------------------------------------------------**

## ગુરુ ગોવિંદસિંહ જન્મ જયંતિ

**શીખ ધર્મના દસમા ગુરુ ગુરુગોવિંદસિંહની જન્મ જયંતિની ત્રણ દિવસની ઉજવણીનો આજથી આરંભ થયો છે. ભુજમાં ગુરુનાનકસિંહ સભા દ્વારા શીખ ગુરુદ્વારા ખાતે ત્રણ દિવસ**

**દરમ્યાન વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. ગાંધીધામ ખાતે પણ ગુરુ ગોવિંદસિંહ જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી રહી છે.**

---

## ગોધરા હત્યા-મૌન રેલી

**માંડવી તાલુકાના ગોધરા ગામની યુવતીની હત્યાના વિરોધમાં આજે ભુજ ખાતે સર્વ સમાજ દ્વારા વિશાળ મૌન રેલી યોજાઇ હતી. પરિવારને ન્યાય મળે તે માટે મોટી સંખ્યામાં મહિલાઓ, સાધુ સંતો અને વિવિધ સમાજો મૌન રેલીમાં જોડાયા હતા. કચ્છના સાંસદ વિનોદ ચાવડા, ગાંધીધામના ધારાસભ્ય માલતી મહેશ્વરી સહિત વિવિધ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. મૌન રેલી જિલ્લા કલેકટર કચેરીએ જઇ આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.**

---

## ભૂકંપનો આંચકો

**કચ્છમાં સતત બીજા દિવસે ભૂકંપનો આંચકો નોંધાયો છે. દુધઇથી 28 કિલોમીટર દૂર ઉત્તરદિશાએ બપોરે 4 અને 37 મિનિટે 3.8ની તીવ્રતાનો કંપન ગાંધીનગરના ઇન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજી રિસર્ચની કચેરીમાં નોંધાયો હતો. વર્ષ 2025ની શરૂઆત સાથે જ અત્યાર સુધી કચ્છમાં ભૂકંપના 3 હળવા કંપન નોંધાઇ ચૂક્યા છે. ગઇકાલે પણ 2.8ની તિવ્રતાનો આંચકો નોંધાયો હતો.**

---

## ઠંડીમાં રાહત

**ગત ડિસેમ્બર માસના અંતિમ પખવાડિયામાં હાડ થીજાવતી ઠંડી બાદ કચ્છવાસીઓને હવે ઠંડીમાં આંશિક રાહત મળી છે. રાજ્યનું સૌથી વધુ શિતમથક રહેતા નલિયામાં આજે લઘુત્તમ તાપમાન 9 ડિગ્રી અને જિલ્લા મથક ભુજનું લઘુત્તમ તાપમાન 13.4 ડિગ્રી થા કંડલાનું**

**16.2 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. રાજ્યની સાથે કચ્છમા ઠંડી ઘટતા ભુજ અને નલિયાની બજારોમાં સવાર અને મોડી સાંજ સુધી બજારમાં ચહલ પહલ વધી છે.**

---

## વિશ્વ બ્રેઇલ દિવસ

**આજે ચોથી જાન્યુઆરીના દિવસને વિશ્વ બ્રેઈલ દિવસ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. પ્રજ્ઞાચક્ષુ અને આંશિક દ્રષ્ટિ ધરાવતા લોકો માટે સંદેશા વ્યવહારના સાધન તરીકે બ્રેઈલના મહત્વ અંગે જાગૃતિ લાવવા માટે દર વર્ષે આ દિવસની ઉજવણી કરાય છે. ભારતમાં સરકારે પ્રજ્ઞાચક્ષુ લોકોને તેમના અધિકારો, શિક્ષણ, રોજગાર અને એકંદર સુખાકારી માટે સશક્ત બનાવવા અનેક પગલાં લીધાં છે. કચ્છમાં પ્રજ્ઞાચક્ષુઓ માટે કામ કરતી વિવિધ સંસ્થા દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.**

---

## માંડવી નગરપાલિકા ટ્રેક્ટર ટ્રોલી

**માંડવી નગરપાલિકા દ્વારા શહેરમાં ઘન કચરાના નિકાલ માટે 7 મીની ટ્રેક્ટર ટ્રોલી ખરીદાવામાં આવ્યા હતા જેનું ધારાસભ્ય અનિરુદ્ધ દવેના હસ્તે પ્રસ્થાન કરાવાયું હતુ. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, શહેરને કચરા મુક્ત બનાવવા ઘન કચરાના નિકાલ અને વ્યવસ્થાપન યોગ્ય રીતે થવું જોઈએ. નવ વોર્ડ માટે મુકાયેલા વોર્ડ મેન સફાઈ બાબતે જાગૃતિ બતાવે અને શહેરીજનો પણ આ વ્યવસ્થામાં સહયોગ આપે તેવી અપીલ કરી હતી.**

---

## નિરોણા-ગ્રામ હાટ

**માંડવી નગરપાલિકા દ્વારા શહેરમાં ઘન કચરાના નિકાલ માટે 7 મીની ટ્રેક્ટર ટ્રોલી ખરીદાવામાં આવ્યા હતા જેનું ધારાસભ્ય અનિરુદ્ધ દવેના હસ્તે પ્રસ્થાન કરાવાયું હતુ. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, શહેરને કચરા મુક્ત બનાવવા ઘન કચરાના નિકાલ અને**

વ્યવસ્થાપન યોગ્ય રીતે થવું જોઈએ. નવ વોર્ડ માટે મુકાયેલા વોર્ડ મેન સફાઈ બાબતે જાગૃતિ બતાવે અને શહેરીજનો પણ આ વ્યવસ્થામાં સહયોગ આપે તેવી અપીલ કરી હતી.

---------------------------------------------------------------------------------------

## માંડવી રોટરી કલબ –ફોબિયા પરામર્શ

માંડવી રોટરી ક્લબ દ્વારા બાળકો તથા ટીનએજરમાં જોવા મળતા ફોબિયા પર મનોવૈજ્ઞાનિક માર્ગદર્શન અપાયું હતું. આ સમસ્યાને અનુલક્ષીને રોટરી ક્લબ દ્વારા બાળકો તથા તરુણવયમાં જોવા મળતા અલગ અલગ ફોબિયા વિષે નિ:શુલ્ક મનોવૈજ્ઞાનિક પરામર્શ ઓનલાઈન માધ્યમથી યોજાયું હતું જેમાં મોટી સંખ્યા મા બાળકો તથા તેના માતા પિતા જોડાયા હતા. અત્રે ઉલખેનીય છે કે રોટરી ક્લબ ઓફ માંડવી 2015 થી ચાઈલ્ડહુડ સાયકોલોજીકલ ડીસઓર્ડર, ઓટીઝમ તથા કોમ્યુનીકેશન ડીસઓર્ડર પર કાર્યરત છે.

---------------------------------------------------------------------------------------